## તા. ૦૫-૧૦-૨૦૧૯ શનિવાર ઉદ્દિશા પ્લેશમેન્ટ અંતર્ગત મોબાઈલ કેમ્પઈન બેકિંગ ડિઝીટલ ઈન્ડીયા સંદર્ભે સેમિનાર









**મોબાઈલ કેમ્પઈન બેકિંગ ડિઝીટલ ઈન્ડીયા સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડતા SBI ખેરગામ શાખાના બ્રાંચ મેનેજર શ્રી સુસ્મિતભાઈ પરીખ અને શ્રી મહેશભાઈ પટેલ**

# ફિનિશિંગ સ્કૂલ અંતર્ગત  તાલિમ શૈ.વર્ષ – ૨૦૧૯-૨૦

















કંમ્પોનન્ટ – ૧ અને ૨ ની તાલિમ લઈ રહેલા ફિનિશિંગ સ્કૂલના તાલિમાર્થીઓ



કંમ્પોનન્ટ – ૩ અને ૪ ની તાલિમ લઈ રહેલા ફિનિશિંગ સ્કૂલના તાલિમાર્થીઓ

## તા.૧૫-૦૮-૨૦૧૯ ગુરૂવાર, ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




















૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરતા આચાર્ય, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ

## તા.૨૬-૦૮-૨૦૧૯ સોમવાર, મહીલાઓને થતા ગંભીર રોગો વિષય પર સેમિનાર









**ખેરગામની સરકારી કોલેજમાં મહિલાઓની સમસ્યાઓ સંદર્ભે સેમિનાર યોજાયો**

ખેરગામ: ખેરગામ સરસિયા ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં શનિવારે રૂસા Com-09 અંતર્ગત મહિલા જાગૃતિ અભિયાન મહિલાઓની માસિક ધર્મની સમસ્યાઓ અને સર્વાઇકલ કેન્સર સંદર્ભે સેમિનાર યોજાયો હતો. જે નિમિત્તે સામાજીક કાર્યકર તર્પણાબેન વણકર અને શેખ મારિયા સલીમભાઈએ વિદ્યાર્થિનીઓને માર્કેટમાં મળતા પ્લાસ્ટિકના સેનેટરી પેડ વાપરવાથી થતા શ્વેતપદર, ખુજલી, ચામડીના રોગ, ગર્ભાશયનું કેન્સર વગેરે જેવી ગંભીર બિમારીઓથી કઇ રીતે બચી શકાય તે અંગે સરળ ભાષામાં પોતાની વાતને વ્યક્તિગત પ્રયોગ બતાવી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

**વિદ્યાર્થીનીઓને સ્ત્રીઓને થતા વિવિધ રોગો વિષે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કરતા**

**કલ્પનાબેન એન ભરતીયા અને નિમાબેન સોલંકી તેમજ તર્પણાબેન વણકર**

# તા.૨૯-૦૮-૨૦૧૯ ઉદ્દિશા પ્લેસમેન્ટ અંતર્ગત સિવણ ક્લાસ તાલિમ સંદર્ભે માર્ગદર્શન સેમીનાર









સરકારની સિવણ ક્લાસની વિવિધ યોજનાનો તાલિમ મેળવી લાભ લેવા માર્ગદર્શન પુરૂ પાડતા ખેરગામની સરકારી આઇ.ટી.આઇ.ના ઇન્સટ્રકટર શ્રી વિમલભાઇ પટેલ તથા જિજ્ઞાસાબેન પટેલ

**તા. ૦૫-૧૨-૨૦૧૯ ગુરૂવારના રોજ સેવાભાવી સંસ્થા શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ધરમપુરનાં આર્થિક સહયોગ થકી અને હિન્દીના અધ્યાપિકા ડૉ. મનિષાબેન જોગીયાના આયોજન તેમજ માર્ગદર્શન ખેરગામ તાલુકની પ્રા.શાળામાં બાળકોને બુંદી ગાઠિયાનું વિતરણ કરાયું**

















## ૦૬-૧૨-૨૦૧૯ શુક્રવાર ખેરગામ તાલુકની પ્રા.શાળામાં બાળકોને બુંદી ગાઠિયાનું વિતરણ કરાયું

















**ખેરગામ તાલુકાની પ્રા. શાળાઓમાં બાળકોને બુંદી ગાંઠિયાનું વિતરણ કરાયું**

ખેરગામ, તા. ૦૮ : ખેરગામ પોમાપાડ પ્રાથમિક શાળા,નાંધઈ વચલા ફળિયા, પ્રાથમિક શાળા, ગુમેશ્વર હાઈસ્કુલમાં આદિવાસી વિસ્તારના ૩૧૦ બાળકો તેમજ શિક્ષક સ્ટાફને બુંદીના લાડુ અને ફાફડી ગાંઠિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય સંજયભાઈ પટેલ, ગાંધીનગર માજી?ક્રાઈમ બ્રાન્ચ મનિષાબેન, ભાજપ મહામંત્રી શૈલેશભાઈ ટેલર, અંકુર શુક્લ, હિનાબેન, નાંધઈ સરપંચ રાકેશ પટેલ, વડીલ ઠાકોરભાઈ પટેલ અને જી.એસ.હરેકૃષ્ણ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરતા બાળકોમાં આનંદની લાગણી વ્યાપી હતી હતી.

## તા.૧૦-૦૧-૨૦૨૦ શુક્રવાર કેમ્પસમાં સખીમંડળ ખેરગામ સંચાલિત કોલેજ કેન્ટીનનું ઉદ્‌ઘાટન



કેમ્પસમાં કોલેજ કેન્ટીનનું રીબીન કાપીને ઉદ્દઘાટન કરાવતા કોલેજનાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ

## તા.૨૬-૦૧-૨૦૨૦ રવિવાર, ૭૧મો પ્રજાસત્તાક દિન




તા. ૨૬-૦૧-૨૦૨૦ પ્રજાસત્તાકદિન નિમિત્તે જીલ્લા લેવલ કાર્યક્રમ

## તા.૨૯-૦૧-૨૦૨૦ બુધવાર રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ આયોજિત નમો-ઈ-ટેબલેટ વિતરણ કાર્યક્રમ



**F.Y.B.A./F.Y.B.COM.** ના વિદ્યાર્થીઓને નમો-ઈ-ટેબલેટનું વિતરણ કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ તેમજ સિનિયર તમામ અધ્યાપકો

## તા.૦૯/૦૧/૨૦૨૦, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ LED TV અને સ્માટ રૂમ PROJECTER પ્રોગ્રામના વર્ગખંડનું ઉદ્‌ઘાટન પ્રંસંગ









LED TV તથા પ્રોજેકટર ને સ્વસ્તિક કંકુ તિલક તેમજ પુષ્પ અર્પણ કરી ગણેશ પૂજા કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ

## તા. ૦૫/૦૨/૨૦૨૦ ટી.વાય.બી.એ. ના સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓનો અભિવાદન સમારોહ



સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ સાથે અભિવાદન ફોટો ફંગશન કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રા. ચીમનભાઈ ચૌધરી અધ્યક્ષ ડૉ. કાશીરામ એ. ભોયે, આચાર્યશ્રી ડો. એસ. એમ. પટેલ, પ્રા.ડૉ. વાય. જે. મિસ્ત્રી પ્રા. ડૉ. મિનાક્ષીબેન, પ્રા.દિનાબેન એમ. પટેલ

## ૧૧. સંશોધન પેપર/આર્ટિકલ

## "કોટવાળિયા આદિમજૂથનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સર્વે"

ગામ: પાણીખડક તા.ખેરગામ, જિ.નવસારી

શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯-૨૦

શોધ કર્તા: ડો.કાશીરામ એ.ભોયે (એસોસિએટ પ્રોફેસર-સમાજશાસ્ત્ર),
પ્રા.ચીમન એમ.ચૌધરી અને ટી.વાય.બી.એ.સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, જિ.નવસારી

**પૂર્વભૂમિકા:**

અભ્યાસક્ષેત્રનો વિસ્તાર નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં સમાવિસ્ટ પાણીખડક ગામના 'કોટવાળિયા' આદિમજૂથની પસંદગી કરવામાં આવેલ છે. ક્ષેત્ર કાર્ય મુખ્યત્વે ફિલ્ડવર્ક ઉપર આધારિત છે. સંશોધન કેવી રીતે કરી શકાય તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે કરવાનું રહ્યુ છે. વિદ્યાર્થીઓના સંર્વાગીણ વિકાસને ધ્યાનમાં રાખી શિક્ષણની સાથે સાથે સમાજજીવનને લગતા વૈજ્ઞાનિક જ્ઞાન મેળવી શકે કે જેથી તેને ભવિષ્યમાં સંશોધન કરવા માટે ઉપયોગી નીવડે, વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો આ ક્ષેત્ર કાર્ય કરાવવા પાછળનો મુખ્ય આશય રહ્યો છે. આ ફિલ્ડવર્ક દ્વારા કોટવાળિયાઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉપરાંત તેમના વિચારો, વલણો, ખ્યાલો તેમની મુળભૂત પરંપરા કે પ્રણાલી વિશેની વાસ્તવિકતા જાણી તેમના સમાજ વિશેની પરિસ્થિતીની સમજ મેળવવાનો રહ્યો છે.

કોટવાળિયાઓના વિવિધ પાસાઓ જેવા કે એમની જીવનશૈલી, રહેણી-કરણી, આર્થિક, સામાજિક અને શિક્ષણ જેવી બાબતો વિશેની માહિતી મેળવવાનો વિચાર આવ્યો. જેથી ટી.વાય.બી.એ. સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ દ્વારા ફિલ્ડવર્ક કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**કોટવાળિયાઓની માહિતી:**

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના પાણીખડકના આદિમજૂથ કોટવાળિયા જાતિ મૂળ સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં આવેલી છે. અત્યંત ગરીબ અને પછાત જાતિ કોટવાળિયા લોકો પાસે ખેતીની કે ઘર બનાવવા ખુબ ઓછી જમીન છે. વળી ખેત મજૂરી તરીકે ખૂબ ઓછા લોકો કામ કરે છે, એમનો જીવન નિર્વાહ એ લોકો ટોપલાઓ, સુપડાઓ આદિ વાંસમાંથી બનાવેલી વસ્તુઓ વેચીને કરે છે. ચોમાસા દરમ્યાન તેમના વ્યવસાય પર માઠી અસર પડે છે ત્યારે તેમના જીવનની દયનીય પરિસ્થિતી જોઇ શકાય છે. 'આપણે અસ્પૃશ્ય છીએ' એવી સામાન્ય લઘુતાગ્રંથીથી પિડાયેલ આ આદિમજૂથ હમેશા બહુજન સમાજથી દૂર જ રહેતી આવી છે. આજે પણ અલગ જ રહે છે. તેમનામાં સાક્ષરતાનું પ્રમાણ લગભગ નહિવત કે ખૂબ ઓછુ છે.

સામાન્ય રીતે આ જાતિ ભૂત-પ્રેત, ભગત-ભૂવા, ડાકણ વગેરેમાં ઉંડી શ્રધ્ધા ધરાવે છે. લગ્ન પ્રસંગો તેમની યથાશક્તિ મુજબ ખૂબ જ ધામધૂમ અને સામૂહિક ઉત્સવ સ્વરૂપે ઉજવે છે(ચિત્તળે: ૧૯૭૮:૨૫-૩૨).

ગામમાં વસવાટ કરનારા કોટવાળિયાઓઓના કુલ ૩૩ ઘરોની વસ્તી ૨૧૦, જેમાં ૯૭ પુરુષો અને ૧૧૩ સ્ત્રીઓ છે. જેમા નીચે દર્શાવેલ કોષ્ટક પરથી ગામની કોટવાળિયાઓની વસ્તીવિષયક માહિતી વધારે સ્પષ્ટ જણાશે.

કોષ્ટક: ૧, કોટવાળિયા સ્ત્રી-પુરુષોની સંખ્યા

| અ.ન. | જાતિ | સંખ્યા |
|---|---|---|
| ૧ | પુરુષ | ૯૭ |
| ૨ | સ્ત્રી | ૧૧૩ |
| ૩ | કુલ | ૨૧૦ |

ઉપર્યુક્ત દર્શાવેલ કોઠા મુજબ કોટવાળિયા આદિમજૂથમાં પુરુષોનું પ્રમાણ ૯૭ અને સ્ત્રીઓનું પ્રમાણ ૧૧૩ છે. જે સ્ત્રી સશક્તિકરણનું ઉમદા અને ઉત્તમ ઉદાહરણ છે એવું કહી શકાય. (વિદ્યાર્થીઓ દ્વારા લીધેલ મુલાકાતના આધારે: કુટુંબના વડા સાથે રહેતા અને એક જ ચુલે જમતા કુટુંબના દરેક સભ્યની વિગત પરથી)

ઉત્તરદાતાની ઉંમર:

અહિં ઉત્તરદાતા તરીકે જે ઘરના મુખ્ય માણસને લેવામાં આવ્યા છે, તે તેમની ઘરની જવાબદારીને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલ છે. ઘણા મોટી ઉંમરના હોય છતા લેવામાં આવેલ નથી. અભ્યાસમાં લેવામાં આવેલ ઉંમર અંગેની માહિતી નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય છે.

કોષ્ટક: ૨, ઉત્તરદાતાની ઉંમર દર્શાવતું કોષ્ટક

| અ.ન. | વિગત(ઉંમર) | ઉત્તરદાતાનો ધર્મ | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી(%) |
|---|---|---|---|---|
| ૧ | ૩૦ થી ૫૦ વર્ષ | હિન્દુ | ૧૩ | ૩૯.૪૦% |
| ૨ | ૫૧ થી ૭૦ વર્ષ | હિન્દુ | ૨૦ | ૬૦.૬૦% |
| ૩ | ૭૧ થી વધુ | હિન્દુ | શૂન્ય | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક ૧, પરથી જોઇ શકાય છે કે ૩૦ થી ૫૦ વર્ષની વયજુથ ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી(૩૯.૪૦) છે. જ્યારે ૫૧ થી ૭૦ વર્ષ ની વર્ષની વયજુથ ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા વધારે(૬૦.૬૦) છે અને ૭૧ કે તેથી વધારે વર્ષની વયજુથ ધરાવતા ઉત્તરદાતાઓની સંખ્યા શૂન્ય છે.

રહેઠાણ વ્યવસ્થા:

કોટવાળિયાઓનું રહેઠાણ માત્ર ભૌતિક સગવડ જ નથી પરંતુ તેનો એક સામાજિક સાંસ્કૃતિક અર્થ હોય છે. કોટવાળિયાઓ મોટાભાગે ગામના છેવાડે રહેતા હોય તેમના ઘરો ઘાસ કે પાંદડાઓથી છાજેલા હોય છે.